# ભજનઃ૨૫

## તારા શરણમાં....

તારા શરણમાં તારા ચરણમાં ભુલો કરી તારે ધ્વારે
માફ કરો એજ આશે....૨
ભાન ભુલ્યો હતો મસ્ત બનીને, ધનના ઢગલા કાજે
ભકિત સુણી તારુ જ્ઞાન થયું, મને નહીં હવે એ વિસારે
મોહમાયાની મમતા છોડાવી, માર્ગ બતાવો અમને
આશિષ આપો અમને....૨

પાપી હતો હું જનમ જનમનો, રિબાવી આ અગોંને
પકવાનોના થાળ ભર્યા પણ, નથી ખવાતા રોગે
નિંલજ છું પણ બાળ તમારો, હાથ પકડ પ્રભુ મારો
તુજ બિન કોણ સહારો....૨

માતપિતા તમે બંધુગુરુ તમે, સૌ ના દુઃખ હરનારા
છોરુ કછોરું થાયે ન થાયે, તમો છો દિન દયાળા
બનીને સુકાની નૈયા મારી, સંભાળો પ્રભુ આવી
અરજ અમારી તમને.....૨